गूजरात विद्यापीठ ग्रंथालय
[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૧૬૦૩૯ वर्गांक

पुस्तकनुं नाम પલંગિયા

विषय

# પતંગિયાં

સંપાદક

જમુ દાણી

પ્રકાશક · ધી ન્યુ ઈરા સ્કુલ · મુંબઈ-૭

૮-૧૯૭૦

## પુસ્તક મળવાનાં ઠેકાણાં

શ્રી ન્યૂ ઈરા સ્કૂલ • ગોવાલિયા ટેંક મુંબઈ-૭

શ્રી મહિલા વિદ્યાલય • ભાવનગર

શ્રી રોહિત મહેતા • વલ્લભભાઈ રોડ અમદાવાદ

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કોપીરાઈટ-સંગ્રહ
૧૬૦૩૯

Published by R M. Alpaiwalla, B.A., LL.B., Bar-at Law,
Cor Secretary, The New Era School, Gowalia Tank, Bombay-7.
મુદ્રક: [illegible] રાવળ • કુમાર પ્રિન્ટરી ૨૭૦૭ રાયપુર અમદાવાદ

# નિવેદન

હમણાં હમણાં આપણે ત્યાં બાળકો માટેનું—બાળકોને નામે—ઠીક ઠીક સાહિત્ય પ્રગટ થઈ રહ્યું છે. પ્રગટ થતા એ બધા જ સાહિત્યમાં બાળદૃષ્ટિ છે કે નહિ તે તો અભ્યાસીઓ જાણી શકશે. આપણે ત્યાં બાળગીતોના સંગ્રહો પણ બહાર પડી રહ્યા છે. આજે તેમાં આ પુસ્તકથી ઉમેરો થાય છે. બાળકો માગે છે તેવાં જ ગીતોના સારા એવા સંગ્રહમાં આનો સમાવેશ થાય એમ લાગે છે.

બાળકોનાં પુસ્તકો બાળકોની દૃષ્ટિથી જ લખાયાં છે કે નહિ તેનો સાચો ન્યાય બાળકો જ બનતે આપી શકે. ભાઈ દાણીએ ત્રણ વર્ષથી સતત અને પ્રત્યક્ષ પરિચય કર્યાં કર્યો છે; એક પછી એક ગીત એમણે બાળકોને ધર્યાં છે; બાળકોએ એ ગીતો દિવસો સુધી ગાયાં છે, તાલ દેને પગલે ઝીલ્યાં છે, અને આનંદ અને ઉલ્લાસથી ગાતાં અને કૂદતાં સત્કાર્યાં છે: બાળકોએ એ ગીતોને પોતાના જ ગીતો માન્યાં છે. ભાઈ દાણીનાં 'પતંગિયાનાં રંગદર્શન'માં આનું સુંદર અને હૃદયસ્પર્શી ચિત્ર છે. સૌને હું એ વાંચવાનો આગ્રહ કરું છું.

બાળકો માગે છે તેને જ અમારી શાળાના આ પ્રથમ પ્રકાશન તરીકે ધરતાં અત્યંત આનંદ થાય છે. આ ગીતોનો કિલ્લોલ ગુજરાતને ઘેરઘેર પહોંચે એ જ ઇચ્છા.

મગનલાલ [illegible]
પ્રિન્સિપાલ ધી ન્યુ એરા સ્કૂલ.

મુંબાઈ - એપ્રિલ ૧૯૩૧

# હવે પછી પ્રગટ થનારાં
સંપાદકનાં અન્ય પુસ્તકો

◆

વિલાયતની વિનોદકથા
બંગાળની રસવાટિકા
દક્ષ-કાવ્યો
અભ્યાસ-કાવ્યો
(પ્રાથમિક અને માધ્યમિક વર્ગો માટે)

મધુમધુરી મસ્તીભર્યાં

સૌ બાલાત્માને

# ઉ·પ·હા·ર

૨૪-૪-'૩૧

# પતંગિયાંનાં રંગદર્શન

મેં એક બિલાડી પાળી છે,
તે રંગે બહુ રૂપાળી છે;
તે હળવે હળવે—

હજુ તો ધીમે સાદે, 'હળવે હળવે' એ શબ્દો અભિનય સહિત બોલતો હતો ત્યાં તો 'જોરથી' અવાજ આવ્યો. 'કેમ આટલા બંધુ! શું ગાઓ છો? ભાઈને કાંઈ વંચાય છે કે નહિ? કોઈ બેસવા આવ્યું હોય ત્યારે તો જરા મૂંગા રહો! બધાનું જાણો છો કે આવું?'

**મારે જાવું ક્યાં? ગાવું ક્યાં?**

'નિશાળમાં માસ્તર ગાવા ન દે; ઘરમાં ગાઉં ત્યાં બાપા બોલે; નાચવા માંડું તો કહેશે કે રહેવા દે, ગાર ઉખડશે; શેરીમાં રમવા જાઉં તો બા કહેશે કે ધૂળમાં ન જવાય, કપડાં બગડે. ત્યારે મારે જાવું ક્યાં? ત્યારે ગાવું ક્યાં?'

આ કાંઈ જોડી કાઢેલી વાતો નથી; આ કાંઈ કવિકલ્પના નથી. છતે ચોગાને આપણાં બાળકો રમતવિહોણાં છે; છતે ગીતે આપણાં બાળકો ગીતવિહોણાં છે. ઘરઘરની ફૂલવાડીનાં સો બાલપતંગિયાંની આ એક કરુણ કથા છે; આ એક કરુણ દશા છે.

**એક આશા બત્તી**

પરંતુ બાળકોની આવી ગીતવિહોણી દશા છતાં ય તેમણે ગાવાની

એક વાત ભૂલી આપણે ચૂકવાની નથી: 'બાળકોને નામે' પ્રગટ થતું બધું જ સાહિત્ય 'બાળકો માટેનું' નથી હોતું; અને એટલે જ બહુધા રેઢિયાળ છે એટલું આપણું બાલસાહિત્ય આજે સાચું વિપુલ નથી. કોઈ મોટાં અક્ષરોમાં છપાયેલી ચોપડીને, તો કોઈ ઓછાં પાનાંની વાર્તાને, કોઈ 'બાલ' શબ્દ મૂકીને, તો કોઈ નાનું કદ કરીને પોતાના પુસ્તકને 'બાલસાહિત્ય' તરીકે ઘુસાડી રહ્યાં છે. પણ આ ક્યાં સુધી ટકશે? બાલદૃષ્ટિ, બાલમાનસ અને બાલભાષાનો વિચાર કર્યા વગર. અને ક્યારેક તો બાળકને જ ભૂલીને લખાયેલ સાહિત્યને, 'બાળકો, આ તમારે માટે છે, હોં!' એમ કહીશું એથી કાંઈ બાળકો એને હાથ ઝાલવાના નથી.

પણ જેમ આવું ઘુસી ગયેલું સાહિત્ય આપણે ત્યાં છે તેમ જ બાલગીતોના સારા સંગ્રહો પણ છે જ, એ વસ્તુ ભૂલી શકાય તેમ નથી. 'સુંદર બેટ' અને 'ચણીબોર', 'રાયણ' અને 'નવાં ગીતો', 'કિલ્લોલ' અને 'ગલગોટા' આજે બાળકના હાથમાંથી દૂર ખસતા જ નથી.

## આ સંગ્રહ શાને?

અને તોય એમાંનાં જ ગીતોનો આ નવેસરનો સંગ્રહ શાને? પ્રશ્ન જેટલો સ્વાભાવિક છે એટલો જ એનો ઉત્તર પણ મને તો સ્વાભાવિક લાગે છે. બાળકોમાં કામ કરનારાં ભાઈબહેનો કહી શકશે કે અનુભવસિદ્ધ, પદ્ધતિસર, વિષયવાર કાવ્યોની વહેંચણી હજુ થઈ જ નથી; કયા ગીતોમાં ક્યાં ક્યાં તત્ત્વો પ્રાધાન્ય ભોગવે છે, એને કેમ ખીલવી શકાય, એ બતાવાયું જ નથી.

આ સંગ્રહના જ ગીતો જુઓને! એની પાછળ સંવાદના, અભિનયનાં, તાલનાં, કૃત્યના, નૃત્યના, નાટકના, એવા અનેક સબળ તત્ત્વો રહેલાં છે. પણ એ તત્ત્વો ઓળખીને મુકરર કર્યા વિનાના કાવ્યસંગ્રહો નિષ્પ્રાણ અને દિશાશૂન્ય તથા નરી આંખે જોતાં તો ક્યારેક ટાયલાં લાગે છે. આ બધાં ગીતોની માર્મિક અસરો સમજાવવી મુશ્કેલ છે; અનુભવ

ચિત્રો કે બાળક [illegible] સિવાય સમજાશે એ તો એથી યે વધુ મુશ્કેલ છે. એમ મારી શાળાનો અનુભવ મને જણાવી શક્યો છે. એટલે અહીં તો એનું આછું અને અધૂરું શબ્દચિત્ર જ આલેખીને સંતોષ માનીશ.

卐 卐

## જોડકણાં

શું સંગીત કે શું નૃત્ય, બાળકોને પ્રભુની એ તો અનુપમ ભેટ છે. રડતું બાળક સાંકળ ખખડાવે કે ટોકરી વગાડે, પાવો વગાડે કે ખંજરી વગાડે શાંત થઈ જાય છે. શેરીમાં પડઘમ વાગે છે અને નાની બહેન કહે છે, 'હાલો, જાન જાન જોવા' ત્યાં તો બાળકના કાન ચમકે છે. ડોસીમા વાર્તા કહેવા માંડે છે:

મારી માને એટલું કહેજો:
પોપટ ભૂખ્યો નથી,
પોપટ તરસ્યો નથી,
પોપટ સરોવરની પાળ,
પોપટ આંબાડીની ડાળ,
પોપટ કાચી કેરી ખાય,
પોપટ પાકી કેરી ખાય,
પોપટ લીલા...લહેર કરે—

બેચાર વાર આમ બોલાય છે ત્યાં તો બાળકને એ વાર્તાનાં જોડકણાં યાદ રહી જાય છે, અને એમાં એને લહેર આવે છે. એનું એ ગીત અનેક વાર ગાતાં એ થાકતાં જ નથી; એ તો એમાં વધુ ને વધુ કિલ્લોલે છે. આપણા આંગણે તો આવાં જોડકણાંથી જ બાળકો ખીલવ્યાં ખીલે છે અને વિકસાવ્યાં વિકસે છે.

## સાદાં ગીતો

અને હવે! પોપટભાઈની એ વાત સાંભળતાં સાંભળતાં બાળક બીજું

[illegible]
એનાં ચિત્રો બને છે; અને પછી તો—

જુઓ જુઓ પંખીની આ ટોળી (પાન [illegible])

એમ સાંભળતા બધાંને ઓળખવા માંડે છે. સામેના ચિત્રમાંથી ભોળા કબુતર જાતને પિછાને છે; બાજુએ બેઠેલા પોપટભાઈ કારભારીને જોઈ હસવા માંડે છે; ગરૂડજી જેવા મોટા રાજાની મશ્કરી ચાલે છે અને કાગડાભાઈની લુચ્ચાઈનાં વખાણ થાય છે.

પણ કેટલાક બાળકોને તો માત્ર ધ્વનિ જ ગમે છે; એને શબ્દની પરવા જ નથી હોતી: ઢમઢમ ઢોલક વાગે છે અને એક ધ્યાને એ સાંભળે છે:

અગડ બમ બગ બમ બગ
નાચે સદાશિવ અવધગુરુ (પાન ૧૭)

શંકર ભગવાન નાચે છે પણ એની કોને પડી છે? એ તો બમ બગની ધુનમાં જામી જાય છે અને ઢોલક સાથે તાળીના તાલ દેતું ગાવા માંડે છે પણ તે ય બાળક એ બાળક જ ને! ગાતાંગાતાં સામે રહેલી ખીસકોલી પર સૌની નજર જાય છે અને બધા ગાવા માંડે છે.

તું અહિંયા રમવા આવ,
મજાની ખીસકોલી (પાન ૧૯)

પણ રહેવાના બંગલા ન હોય ત્યાં કાંઈ મજાની ખીસકોલી આવે ખરી? એટલે—

અડવડ દડવડ નગારાં વાગ,
હર હર ગોમતી ગાજે રે;
બગલા ફક્કડ બનાયા. (પાન ૨૪)

ગોમતી ગાજવા માંડી, બંગલા ચણાવા માંડ્યા; ગાડેગાડાં ભરી વીરે લવીંગ મગાવ્યાં; લવીંગની બારીઓ મેલાવી, કંકુની ગાર લીપાવી; પણ ખીસકોલી બાઈ કાંઈ વરઘોડો કાઢ્યા વગર આવે? વાજાંવાળાને બોલાવ્યા:

ઢમક ઢીમાંગ, ઢમક ઢીમાંગ
ઢોલ ઢૂમો ઢબુક; (પાન ૩૨)

ઢોલ વાગ્યા; "ઢુડધમ અને રુમઢોલ સાથે કડકડ કડકડ ધોમ" થવા માંડ્યું; વાજતેગાજતે સૌ બંગલે આવ્યા.

## અભિનયગીતો

આવાં સાદાં ગીતોમાંથી બાળકને અભિનયની વૃત્તિ જાગે છે. એને તો અનુકરણ કરવામાં મજા આવે છે. ખીસકોલીબાઇ સાથે સહુ બંગલામાં જાય છે ત્યાં મીની માશી મળ્યાં. એ તો લુચ્ચાં છે ને? છોકરાઓ ધીમે સાદે ગાવા લાગ્યાં:

> તે હળવે હળવે ચાલે છે,
> ને અંધારામાં ભાળે છે! (પાન ૧)

પણ અંધારામાં ભાળીને, જોઇને એ શું કરતી હશે? બાળકો જાણી જાય છે અને મીની માશીના ચાળા પાડવા માંડે છે:

> દૂધ ખાય, દહીં ખાય,
> ને ઘી તો ચપચપ ચાટી જાય (પાન ૧)

બધા ચપચપ અવાજ કરે છે; અવાજ વધી પડે છે. પણ નોહ્ય શું? ધીમે સૂરે દિલરૂબા પર નીચેની લીટીઓ વગાડવા માંડો:

> ઢીંગલીડા વીરનું હાલરડું વાગ્યું:
> ખીલી જા ઝટ, પોઢી જા પટ: (પાન ૨)

બસ; બધાં યે બાળકો હાથથી હાલરડાંના હિંડોળ બનાવે છે અને ઝટ અને પટનાં તાલ ઝીલે છે. સૌ એ તાલની ધૂનમાં છે, ત્યાં એક બાળક આંગળીનો વીંછીડો કરીને કોઇને ટચકાવે છે અને પેલા છોકરો એક-શ્વાસે ઉતાવળે ઉતાવળે ગાય છે:

> હુઓ હુઓ વીંછીડો, હુઓ હુઓ વીંછીડો; (પાન ૩૮)

ધીમેધીમે વીંછી ચડતો જાય છે; વેદના વધતી જાય છે; પ[illegible]

[illegible]

[illegible] (પાન [illegible])

પછી એમાં શું બાકી રહે? ગીત જામે છે; તાલ જામે છે; સૌ [illegible] થાય છે; મૂક દેખાતું બાળક પણ ત્યારે ગીતની, તાલની મસ્તીમાં ડોલે છે.

## સંવાદગીતો

સાદા ગીતઅભિનય પછી સંવાદ કરવાની વૃત્તિ જાગે છે. એક જણ ફઈબાનો દીકરો બને છે, તો બીજો જણ મામાની માનબાઈ બને છે. દીકરો મોતી લેવા જાય છે; બ્હેન રંગબેરંગી મોતી મંગાવે છે. પીપમાં પાણી ભરીને દરિયો બનાવે છે; ભાઈ એમાં ડૂબકી મારીને મોતી કાઢે છે અને કહે છે:

લીલુડાં લ્યો, પીળુડાં લ્યો,
લાલ પીળાં તે ફાંટ ભરી મોતીડાં લ્યો (પાન ૧૧)

બ્હેન મોતી લે છે અને માળાઓ પરોવે છે બંને જણ સામસામાં માળા પહેરાવે છે. ફોટો પાડવા જેવું દૃશ્ય બને છે. પડદા પાછળથી કોઈ અભિનંદે છે:

શોભે ઘણાં, શોભે ઘણા,
હાર પે'રીને બેઉ જણ શોભે ઘણા (પાન ૧૧)

આમ જ બીબી અને મીયાંનાં પાઠ ભજવવામાં ય બાળકને શરમ નથી આવતી. એક જણ લીલો ચોરણો પહેરી બીબી બને છે, તો બીજો દાઢી બાંધીને મીયાં બને છે. મીયા સાહેબ તો ગાંધીજીના ભક્ત છે. બીબીને એ કાંતવા વીનવે છે. પણ રેંટિયો ક્યાં?

મીયા સાહેબ કમાડ મંગાવે છે, કટાર મંગાવે છે; રેંટિયો અને ત્રાક બનાવે છે. પણ પૂણી વગર શું કરવું? બીબી બોલે છે:

કૈસે કાતું મીયાં? પૂણિયા મિલે ના; (પાન ૩૦)

ત્યા તો મીયાં સાહેબ તૈયાર થયા:

મેરી દાઢી બોડાવું તેરી પૂણિયા બનવું; (પાન ૩૦)

[illegible] ગીતથી બાળકો હસે છે. પણ આવાં ગીતોમાં [illegible] બાળકો શરમાય ત્યારે શિક્ષકે બીબીનો અને શિક્ષિકાએ ભાઈનો જોડે આપીને એ શરમ તોડવી જોઈએ હો!

## તાલગીતો

બાળક જેમ રાગ ઝીલી લે છે એમ જ તાલ પકડતાં ય એને વાર લાગતી નથી. કયે વખતે કયું ગીત લેવું એ શિક્ષકે વિચારવાનું રહે છે જ; પણ કેટલાક ગીતો તો ગમે ત્યારે ગાશો તો પણ બાળકોની આંખમાં ચમકાર લાવશે. જુઓ:

> હું હા હોકો ફરો મીઠો મીઠો આવે,
>
> મન ભાવે, મગન બનાવે; (પાન ૨૬)

બાળકોને મસ્તી આવે છે; ખોટા ખોટા હોકો પીવા માંડે છે. પણ આવાં ગીતથી બાળક બંધાણી થઈ જશે એમ માનતા નહિ. હા, આ મશ્કરીની વસ્તુ છે એનો સ્પષ્ટ ખ્યાલ તો ઊભો કરવો જ જોઈએ. બાકી તો એ તાલમાં જ તલ્લીન થાય છે.

> હા રે હોકો હરડો,
>
> રે બાઈ! જુવાન થઈ જાય ઘરડો;
>
> રે હા...... બાઈ...... હાં. (પાન ૨૬)

'હા.. બાઈ.. હા..' કરતાં ત્રણ તાળી પડે છે અને ગવૈયાઓના જલસા જેવો દેખાવ થાય છે.

પણ આમ એક ગીત પૂરું ન થાય ત્યાં તો બીજા ગીતની તાલાવેલી બાળકને જાગે છે. એક જણ શરૂ કરે છે:

> ઢમઢી લઈને હું તો સુતારવાડે ગઈ'તી. (પાન ૩૪)

બાળક ગાતું ગાતું ડોલે છે; સુતાર સાથે સોદો કરે છે:

> સીંચાં કો માફા, બીબીકું વેલ;

પણ આ બે વાનાં જ નહિ; એક જ ઢમઢીમાં—પાઈમાં—એને તો કાંઈક ત્રીજું ય જોઈએ છે. એ કહે છે:

[illegible]

અને— નહિ તો મારી ઢગલી પાછી દે. (પાન ૩૪)

દુકાને દુકાને ફરે છે. મોહનલાલ જેવો કોઈ, અંદર ન હોય તેવી કડીઓ ઉપજાવતો જાય છે. અને ગાતો જાય છે. તાલ નથી, સૂર બેસૂર થતો નથી. બાળક તો—

તોરે નામ જપું, હર દમ દમ દમ...
દુનિયા મેં નહિ કછુ દમ દમ દમ (પાન ૩૭)

એવું સૂક્ષ્મ તાલસંગીત પણ ઝીલે છે. સૌ ઊભાં થાય છે; દિલરૂબા પર કમાની ફરે છે તેમ ધીમે કે ઉત્સાહની ગતિએ નૃત્ય ચાલે છે; પણ વચ્ચે કોઈને તાન ચડે છે અને

ધ્યાન ધરું આપ, ધ્યાન ધરું આપ,
ધ્યાન ધરું આપ ધ્યાન. (પાન ૬૬)

એમ કરતાં ગાવા માંડે છે; તો વળી કોઈ બીજાને દાંડીઆ સાંભરે

નથ ઘડી દે સોનારા રે,
મારી નથ ઘડી દે સોનારા. (પાન ૪૦)

કદાચ તો—

શિવ—સ્વામિનકી જય
પ્યારે રાજા કી જય (પાન ૪૪)

ગાય છે. પણ બાળકોમાં ય દેશભક્તો હોય છે ને? કોઈ જોસમાં—

મહાત્મા ગાંધી કી જય,
મોતીલાલજી કી જય,
બોલો વીર જવાહીર કી જય જય જય.

એમ ગવરાવવા માંડે છે અને બધાને તાન ચડાવે છે.

## નૃત્યગીતો

પણ કેટલાંક બાળકો રાસમાં ભાગ લેતાં જ નથી; નાચમાં પણ ભાગ લેતાં નથી. એમને તો એ નમાલું લાગે છે. તાલસંગીત તો ગમે છે, પણ તે વીરતા ભર્યું:

આપણા સિપાઈ, અમે સૌ આપણાં સિપાઈ (પાન ૧૮)

એમ ગાતાં હોય, હાથમાં તલવાર ઝાલતાં હોય અને જાણે ખુદ લશ્કરે એક સિપાઈની માફક તાલબદ્ધ—

> આ હિંદ હોય એ પ્યારો,
> વીર બાલ મ. વિચારો,
> કંઈ કામ કરો સુધારો:
> હિંદના જુવાનો (પાન ૨૧)

એમ ગાતાં ગાતાં કૂચ કરતાં હોય, ધમાક ધમાક તાલ દેતાં હોય એમાં એમને આનંદ આવે છે. ત્યારે એમને તો [illegible] મેદાનમાં પોતે ઊભા હોય તેટલો આનંદ થાય છે. પછી તો મિનિટો સુધી એમને એ ગીતની ખુમારી રહે છે.

## સંઘઅભિનય

સૌ બાળકો સરખાં નથી હોતાં. કેટલાક એકલા ગાતાં કે નાચતાં શરમાય છે અને સમૂહ જેમાં ગાવા જ ભાગ લઈ શકે તેવાં [illegible] -અભિનય [illegible] જોઈએ: જેમકે—

> [illegible] આવ્યા રે આવો કામ કરો (પાન ૮)

સૌ બાળકો કામ [illegible] માંડે છે. કોઈ [illegible], કોઈ [illegible], કોઈ ચાલતા ચાલતા તો કોઈ એકલા બેસીને કામ કરે છે. [illegible] થાય છે, કોઈ આગળ પાછળ રહી જાય છે અને તો એમાં વૈવિધ્ય પૂરતું જણાય છે. સૂર ઉપાડવો ચાલે છે અને બાળકો [illegible] બોલાવે છે. મજૂરો, ખેડૂતો, [illegible], [illegible] નાદ ગાજે છે [illegible] છે.

આ જ જાતના [illegible] સંઘઅભિનયમાં પણ બાળકોને એટલો જ રસ આવે છે. તદ્દન સાદું ગીત લઈએ.

> નાની મારી આંખ, એ જોતી કાક કાંક (પાન ૨૨)

એમ બોલતાં બોલતાં નાની ચમકતી આંખો બતાવવામાં, આ—

આભમાં ભરી તાળી, એવી વગાડું ચપટી.

એમ ગાઈને અવાજ ન થાય તો યે ચપટી વાગી છે એવો સંતોષ લઈને વિચિત્ર રીતે આંગળીઓ ભેગી કરી ચપટી વગાડતું બાળક ભલું જ મીઠું લાગે છે. આમ જ વળી થોડીક બાલિકાઓ

ચુંદડી ચૌદ લોકમાં ગોતું (પાન ૨૮)

એમ કરી ચુંદડી શોધે છે. 'આભની વેલ્યે લાખુની' અને 'ડુંગરે ડુંગરે દોડતી' ચુંદડી ઓઢે છે. અને ઓઢીને પછી પનઘટ પર પાણી જવાનાં આમંત્રણ અપાય છે:

ચલ ગાગર ચલ ગાગર પનઘટ પર જઈએ (પાન ૪૩)

ગાગર ઘૂમવા માંડે છે, સૌ ડોલવા આવે છે, આમ પનિહારીઓનાં એ દર્શનમાં જાણે કલાના પૂર ઉછળે છે.

## ગમ્મતગીત

પણ બાળકો રમત કે ગમ્મતને ક્યારે ય ભૂલતા જ નથી. થાકે ત્યારે રમતગીત ઉપાડે છે બે પક્ષ થાય છે એક પક્ષ અર્ધ વર્તુળમાં બેસે છે અને બીજો પક્ષ પાછળ ઉભા રહી આગલા બાળકના માથા પર હાથ મૂકે છે. બેઠેલા પૂછે છે.

મારા માથા પર કોણ ચડયું? (પાન ૧૩)

'હોલો ગણો' એમ એનો જવાબ આવે છે. ઉતરવા વિનવણી થાય છે; ખીર ખવડાવવાના અને દૂધે નવડાવવાના વચન અપાય છે, પણ હોલો માનતો નથી, નીચે ઉતરતો નથી ત્યારે કોઈ ગમ્મતી શહેરી બાળક

મોટર આપું, બિસ્કીટ આપું,

એમ કહીને હોલાને લલચાવે છે. પછી ઉભા રહેલા બેસે છે અને બેઠેલાં હાથ મૂકી ઉભા રહે છે પણ બીજાં રમતા હોય ત્યારે વચ્ચે તોફાન કરનાર પણ એક વર્ગ હોય છે ને! એક જણ બોલે છે:

કાળી કોયલ બોલે (પાન ૧૪)

[illegible] જો તો સંતાઈ જાય છે; ત્યાં બીજો આવ્યું—

કુ . . . ઉ . . . ઉ . . . ઉ . . .

આમ ઊખલ કૂદે જતાળ આપે છે. સૌ હસે છે અને રમત રમતમાં ઠેકાણે રહી જાય છે.

## નૃત્ય

છાપવા આપ્યા પહેલાં હું આ બધાં ગીતો કેટલાક મિત્રોને બતાવતો હતો. એક જણે ટીકા કરી કે 'મોગરાની માળ' અને 'હલકે હાથે' અઘરાં છે; અને એ ગીતો બાળકોને માટે નથી. મારે ચર્ચા કરવી જ નહોતી. મેં તો કહ્યું કે 'આપ ટીકાકાર છો, બરાબર છે. મેં તો આમાનું એકેએક ગીત બાળક પાસેથી સાંભળ્યું છે, ભજવેલું જોયું છે. એની કલાથી હું મુગ્ધ થયો છું. ભાવ ન સમજાય, અર્થ ન સમજાય એવા ગીતોના અભિનય કરી બાળકોએ અનેકને દિગ્મૂઢ કર્યાં છે, એ નજરે જોયા છતાં હું તમારી ટીકાનું તથ્ય કેમ સ્વીકારી શકું?'

જુઓ, પેલા બાગમાંથી ઝીણાંઝીણાં ધોળાં વસ્ત્રો ઉડાડતા પતંગ-બાળો આવે છે. આકાશમાંથી જાણે પરીઓ ઊતરી!

બા પાન ના (પાન ૩)

નાનાંનાનાં શ્વેત પાંખ જેવા સૌ હાથ હલાવે છે આંગળીની વીંટી સાથે બાંધેલ વસ્ત્ર ફરફરી રહ્યું છે. હાથ ઊંચા થાય છે ત્યાં તો 'પેલા કનકવા ઊંચે ઊડે' છે તે દેખાય છે. ગીત આગળ વધે છે, મંજુલ સ્વરો પૂરાય છે; તદ્દન શાન્તિ છે; સૂર લગભગ બંધ થવાની અણી ઉપર છે; ત્યાં તો—

ધીરા મધુર ગીત પંખીઓના ગા (પાન ૩)

એમ બોલતાં બાળકના પગનો સળવળાટ પણ બંધ થાય છે. પંખીઓનાં મધુર ગીતની શાંતિમાં ગીતની શાન્તિ ઉમેરાય છે.

પણ આવું જ એક બીજું કલાદર્શન કરીએ. પનિહારીઓનું એક દૃશ્ય છે. સાદા સાદા બંડીઆ અને સાદી સાદી ચુંદડી ઓઢી સૌ આવે છે.

એમ ગાતાં બાળકો ખૂબ સૌ સખીઓ પાણી સીંચવા જાય છે. એક બાળકી

સીંચો કુમાનાં પાણી રે (પાન ૪)

એમ આજ્ઞા કરે છે. સૌ આજ્ઞા ઉઠાવે છે. બેડાં ચડાવીને સૌ ગામમાં આવે છે, ત્યાં તો માલવિકા જેવી કોઇ નાની બાળકી કળાભરી રીતે

વિવેક ઘૂંઘટ તાણી રે (પાન ૪).

એમ ગાતી ગાતી ચુંદડીનો ઘૂંઘટ તાણવા પ્રયાસ કરે છે. મોઢું ઢંકાય છે અને અંદરની આંખો નાચે છે. પ્રેક્ષકવર્ગ એને તાળીઓના ગડગડાટથી અભિનંદન આપે છે.

પણ એક નૃત્ય આમ પૂરું થાય છે ત્યાં બીજાનું ભાવમય ડોલન શરૂ થાય છે. સામેના બાજોઠ ઉપર બાળકોને ગમતા કનૈયાની મૂર્તિ છે. પાસે ધૂપ અને દીપ છે. હાથમાં કાંઇક લઇને બે બાજુથી બે મંડળી ગાતી ગાતી આવે છે. ઝૂલની માળા શા સૂરના ડોલન અવનિ પર ઉતરે છે:

મોગરાની માળ મારી, મોગરાની માળ,
બહેને વીણેલ કળી, બાએ ગૂંથેલ વળી. (પાન ૬)

એવી મોગરાની માળ બે હાથ વચ્ચે હીંચે છે કે લટકાળી બાળક 'ચકરચકર ફૂદડી લે' છે ત્યાં તો—

તૂટી તૂટી શું મારી મોગરાની માળ (પાન ૬)

માળ તૂટી ગઇ! હવે શું કરવું? તૂટેલી માળ લઇને સૌ મૂર્તિ પાસે જાય છે; ઘૂંટણભર બેસીને સૌ દેવને માળ ધરે છે. પણ આમ જોવામાં આપણે તલ્લીન હોઇએ ત્યાં તો પડદો પડી જાય છે.

## નૃત્યકૌશલ્ય

આ તો સાદા નૃત્યની વાત થઇ. ભાનુ કે રાગિણી જેવા કેટલાંક બાળકોને તો સંગીત અને નૃત્યની જન્મબક્ષિશ હોય છે. એવાં બાળકોને તે કંઇક નવું જોઇએ ને? પ્રકૃતિદેવી વસંતના વાઘા સજે ત્યારે એમનાથી શી રીતે શાંત બેસી શકાય? બાગેબાગે ફૂલના ફોરમ ફોરે ત્યારે બાળક

માથામાં ફૂલની ચૂંદડી પહેરે છે, ગળામાં ફૂલમાળા ધરે છે, માથે ફૂલ-મુકુટ મૂકે છે; કાનમાં ફૂલકુંડળ લટકાવે છે, પગમાં ફૂલઝાંઝર પહેરે છે, મેઘધનુષ્યના રંગની ઓઢણી ઓઢે છે;—વસંતનાં જાણે ફૂલબાગો! મઘમઘતા ઉપવનમાં સુરંગી-મધુરી ફૂલમાળા વચ્ચે કોઈ મધુકર નાચતો અને કિલ્લોલતો ફરે તેમ સૌ ફૂલભર્યાં આવે છે અને—

રાજ! કોઇ વસન્ત લ્યોઃ વસન્ત લ્યો. (પાન ૨૭)

નાં નિમંત્રણ આપે છે આસપાસ લીલા લીલા કુંડા છે. હાથની ફુલછાબ નીચે મૂકી નૃત્ય ચાલે છેઃ

દેવ-દેવી સોહાગ લેવા આવે. (પાન ૨૭)

દેવ દેવીઓ ઉતરે છેઃ બધે સ્થળે વસંતના વાતાવરણ ખડાં થાય છેઃ ત્યાં તો સાથે મોરકલગી લગાવી એક બાળક આવે છેઃ

પુરમા થનગન થનગન નાચે
પુરનો મોરલો હો રાજ' (પાન ૪૧)

એમ થનગનાટભર્યું નૃત્ય ચાલે છે, અંગેઅંગમાંથી નૃત્ય ઝરે છે. બાલ પતંગિયાનું એ બાલનૃત્ય આપણામાં ઓજસ ભરે છે, હૈયામાં હેત ભરે છે.

## સંગીતઃ એક કલા

પણ આવા નૃત્યો કે સંગીત ઘંટનો વિષય જ નથી. સમયપત્રક પ્રમાણે ઘંટ વાગે અને બાળકોના હાથ ઝાલીને બેસાર્યે એમના કંઠમાં આપણે જેમ પરાણે સંગીતનાં સૂર પૂરી શકતા નથી, એમ જ કોઇ મહેમાન આવે ત્યારે આંખ કાઢીને કે હુકમ કરીને ગવરાવવાથી બાળકનું સાચું સંગીત સાંભળી પણ શકવાના નથી. સંગીત એક કલા છે. કલા તો ઊર્મિ અને ઉલ્લાસનો વિષય છે સંગીતરસિક શિક્ષકો પાસે ઊર્મિ અને ઉલ્લાસનું વાતાવરણ રચવાનું છે. શિક્ષકે શરમ છોડી બાળકો સાથે નાચવાનું અને કૂદવાનું છે અને એ થયા પછી તો ઝિલાનાર સૂર સાંભળી એને હૈયે તનમનાટ ચાલશે; તબલાની થાપી પડશે ત્યાં,

એના પગ તાલ દેતા થાકશે; બંસરી વાગશે ત્યાં એને હોઠમાં રમશે સાંભળશે. ભણી તો એ ત્યાં દોડતાં આવશે, ચમત્કારિ નાચશે. પછી એને નથી પરવા રહેવાની પ્રેક્ષકવર્ગની કે નથી તમા રહેવાની શ્રોતાવર્ગની.

## આનંદ-ઋણ

આમાંનું ઘણુંઘણું મારી શાળાનાં બાળકોએ કર્યું છે. એમના નાચમાં એમણે મને ભાગ લેવા દઈને આનંદ આપ્યો છે. જે ગીતો ગાતાં ગાતાં અમે સાથે નાચ્યા અને કૂદ્યા હતા એ જ ગીતો એમના હાથમાં આમ પુસ્તક રૂપે આજે હું મૂકું છું.

બાળકોનાં ગીતોમાં ગુજરાત ગરીબ છે. એ ગરીબાઈને વિદારનાર અને બાળકોમાં કિલ્લોલ અને નૃત્ય પૂરનાર સૌ કવિઓએ એમનાં ગીતો સંપાદિત કરવાની રજા આપી છે માટે એમનો, તથા આ ગીતસંગ્રહને પુસ્તક રૂપે પ્રકાશનમાં મૂકનાર મારી શાળાનો, હું અને મારાં બાળશિષ્યો સરખાં જ આભારી છીએ.

જશુ દાણી

કુંજ-કુટીર : પંચગની ૨૪-૫-'૩૨

# ફુલ-મંડળ


| | | |
|---|---|---|
| ૧ | ઘરનો વાઘ | ૧ |
| ૨ | હાલરડું વાલું | ૨ |
| ૩ | વા પવન વા | ૩ |
| ૪ | સાંકલડી | ૪ |
| ૫ | હેને તારી લ ફેરી | ૫ |
| ૬ | મોગરાની ગાળ | ૬ |
| ૭ | નહિં જાઉં રે [illegible] | ૭ |
| ૮ | [illegible] | ૮ |
| ૯ | પંખીની ટોળી | ૯ |
| ૧૦ | બહાણું ચડે | ૧૦ |
| ૧૧ | બહાણું ચડ્યાં | ૧૧ |
| ૧૨ | મારો છે મોર | ૧૨ |
| ૧૩ | હોલો રાજા | ૧૩ |
| ૧૪ | કુઉઉઉ | ૧૪ |
| ૧૫ | ફુદરડી | ૧૫ |
| ૧૬ | બિલ્લી | ૧૬ |
| ૧૭ | આગડ બમ બમ | ૧૭ |

૧૮ સાથના ભિખારી . . . . . . . ૧૮
૧૯ ખીસકોલી . . . . . . . ૧૯
૨૦ છલકાતું આવે બેડલું . . . . . . . ૨૦
૨૧ વીર ગીત . . . . . . . ૨૧
૨૨ નાની મારી આંખ . . . . . . . ૨૨
૨૩ બંગલા . . . . . . . ૨૪
૨૪ છેટો છેટો રે . . . . . . . ૨૫
૨૫ [illegible] બાઈ હાં . . . . . . . ૨૬
૨૬ વસંત હ્યો ! . . . . . . . ૨૭
૨૭ ચુંદડી . . . . . . . ૨૮
૨૮ હેસણું બાળીયાં . . . . . . . ૩૦
૨૯ મઢિડાં . . . . . . . ૩૧
૩૦ વાર્તા . . . . . . . ૩૨
૩૧ હમડી ગાજી રે . . . . . . . ૩૪
૩૨ ચાલો મેળે . . . . . . . ૩૫
૩૩ મેહુલો ગાજે . . . . . . . ૩૬
૩૪ હર હમ હમ હમ . . . . . . . ૩૭
૩૫ હંસા હંસા વીંઝીએ . . . . . . . ૩૮
૩૬ નથ ઘડી રે . . . . . . . ૪૦
૩૭ પુરનો મેળો . . . . . . . ૪૧
૩૮ કાન તારે નગાવ . . . . . . . ૪૨
૩૯ ચલ ગાગર ! . . . . . . . ૪૩
૪૦ મસ્તી . . . . . . . ૪૪

# પતંગિયાં

# ઘરનો વાઘ

મેં એક બિલાડી પાળી છે,
તે રંગે બહુ રૂપાળી છે;
તે હળવે હળવે ચાલે છે,
ને અંધારામાં ભાળે છે!

દહીં ખાય, દૂધ ખાય,
ઘી તો ચપચપ ચાટી જાય.

તે ઉંદરને ઝટપટ ઝાલે,
પણ કુતરાથી બીતી ચાલે;
એના ડીલ પર ડાઘ છે,
એ મારા ઘરનો વાઘ છે!

[અભિનય ગીત] —ત્રિભુવન વ્યાસ

# હાલરડું વાલું

વાલીડા વીરનું હાલરડું વાલું
હૈયાના હીરનું હાલરડું વાલું!

ઊંઘી જા ઝટ
પોઢી જા પટ

તને દેખાડુ સોણલું રૂપાળું
હો વીરનું હાલરડું વાલું! —વાલીડા૦

તારૂં પારણીયું સાફ ને સુંવાળું
હો વીરનું હાલરડું વાલું! —વાલીડા૦

[અભિનય ગીત] —ઝવેરચંદ મેઘાણી

# —વા પવન વા—

વા પવન વા, વા પવન વા,
ઝોલે ચડે મારી ફૂલવેલ આ;

વા પવન વા,
વા પવન વા,
અદ્ધર ઊડે પેલા કનકવા.

વા પવન વા,
વા પવન વા,
ધીરાં મધુર ગીત પરીઓનાં ગા.

[નૃત્ય-અભિનય]

—દેશળજી પરમાર

# સાહેલડી

સાહેલડી સુખીઆરી રે,
ચાલો પાણી લેવા પાણિયારી.

માથે ઇંઢોણી સખી! સરખા થઇ મૂકીએ;
ચંચળ ચતુરા ચાલી રે —ચાલો૦

દોરી રસીલી હાથે વીંટી લ્યો સજની;
સીંચો કુવાનાં પાણી રે —ચાલો૦

બેડું ચડાવી શિરે સુંદરીઓ શોભતી
ગાગર કમર પર ધારી રે —ચાલો૦

ઝાંઝરનો ઝમકાર જુઓને સજની
વિવેક ઘૂંઘટ તાણી રે —ચાલો૦

[નૃત્ય–અભિનય]

# —લેને તારી લાકડી

લેને તારી લાકડી ને લેને તારી કામળી;
વાછરૂ ચરાવવા નહિ જાઉં માવડલી.

માખણ તો બળભદ્રે ખાધું;
અમને મળી ખાટી છાશલડી...લેને૦

વૃંદાવનને મારગડે જાતાં;
પગમાં ચૂમે ઝીણી કાંકરડી...લેને૦

દાદુર મોર ને પંખીડાં બોલે;
બીજાવે કહી કાળી કરશનડી...લેને૦

મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ,
ચરણકમળ ચિત્ત રાખડલી...લેને૦

[અભિનય ગીત]

# મોગરાની માળ

મોગરાની માળ, મારી મોગરાની માળ,
નાની રસાળ, મારી મોગરાની માળ.

બ્હેને વીણેલ કળી,
બાએ ગૂંથેલ વળી
કંઠે લટકંત મારી મોગરાની માળ.

આમ ફરે તેમ ફરે,
ચકર ચકર કુદડી લે,
તૂટી તૂટી શું મારી મોગરાની માળ;
દેવતણે ચરણ મારી મોગરાની માળ.

[નૃત્ય–અભિનય] —દેશળજી પરમાર

# નહિ જાઉં રે

નહિ જાઉં રે, નહિ જાઉં રે;
ગાવડલી ચારવાને જશોદા માવડી.

મને વ્હેલો ઉઠી જગાડે છે,
મને ટાઢે તે પાણીએ નવરાવે;
મને ટાઢો તે રોટલો ખવરાવે.
..હું નહિ૦

ત્યાં તો પહાડ પર્વત બહુ મોટા છે;
ત્યાં તો વાઘ વરૂનો બહુ ભો છે.
..હું નહિ૦

મને કાળિયો કાળિયો સહુ કહે છે;
મને ગોવાળિયા બહુ દુઃખ દે છે.
..હું નહિ૦

[અભિનયગીત]

# કાંગ લ્યો

કાંગ ખેતર ગ્યાંતાં રે, ગોરી કાંગ લ્યો!
ઉભાં ઉભાં કાંગ લ્યો,
બેઠાં બેઠાં કાંગ લ્યો;
કાંગ લેવા ગ્યાંતાં રે, ગોરી કાંગ લ્યો!

ચાલતાં ચાલતાં કાંગ લ્યો,
ધબ્બડ ધોબા કાંગ લ્યો;
કાંગ ખેતર ગ્યાંતાં રે, ગોરી કાંગ લ્યો!

ટોપલો ભરી કાંગ લ્યો,
ખોબલો ભરી કાંગ લ્યો;
કાંગ લેવા ગ્યાંતાં રે, ગોરી કાંગ લ્યો!

સૂપડી ભરી કાંગ લ્યો,
ખોઇ ભરી કાંગ લ્યો;
કાંગ લેવા ગ્યાંતાં રે, ગોરી કાંગ લ્યો!

[નૃત્ય–અભિનય]

# પંખીની ટોળી

જુઓ જુઓ પંખીની આ ટોળી,
તેમાં કબુતરોની જાત ભોળી;
તેમાં ગરૂડજી મોટા રાજા,
ચાંચ મોટી શરીરે છે તાજા.

બેઠા પોપટભાઈ તો કારભારી,
તેની બોલી લાગે છે બહુ સારી;
તેમાં લુચ્ચામાં લુચ્ચા કાગડા છે,
સૌ પંખીમાં એ તો ફાંકડા છે.

હંસ મોર મેના ને કોયલ છે,
ગીધ સમડીને આપે જોયેલ છે;
છેલ્લે કાબર ચકલી ને હોલાં,
ઢેંક બગલાં છે મોટાં ઢોલાં.

[ગીત]

# વ્હાણે ચડે

વ્હાણે ચડે, વ્હાણે ચડે,
મારી ફઈબાના દીકરાના વ્હાણે ચડે.

મોતી લાવે, મોતી લાવે,
મારી ફઈબાના દીકરા મોતી લાવે.

કેવાં લાવું, કેવાં લાવું,
મારા મામાની માનબાઈ કેવાં લાવું?

રાતાં લાવે, રાતાં લાવે,
મારી ફઈબાના દીકરા પીળાં લાવે.

ઝીણાં લાવે, ઝીણાં લાવે,
મારી ફઈબાના દીકરા ઝીણાં લાવે.

[સંવાદગીત]

## વ્હાણે ચડયા

વ્હાણે ચડ્યા, વ્હાણે ચડ્યા,
મારા ફઈબાના દીકરા વ્હાણે ચડ્યા.
વ્હાણે ચડ્યા, વ્હાણે ચડ્યા,
એ તો વ્હાણના ખેડતલ વ્હાણે ચડ્યા.
દરિયે ગયા, ભર દરિયે ગયા,
એ તો વ્હાણના ખેડતલ દરિયે ગયા.
ડુબકી મારી, ડુબકી મારી,
ભર દરિયામાં જુગતે ડુબકી મારી.
મોતી કાઢ્યાં, મોતી કાઢ્યાં,
લાલ પીળાં તે ફાંટ ભરી મોતી કાઢ્યાં.
લીલુડાં લ્યો પીળુડાં લ્યો,
મારા મામાની માનબાઈ મોતીડાં લ્યો.
લીલુડાં લ્યો, પીળુડાં લ્યો,
લાલ પીળાં તે ફાંટ ભરી મોતીડાં લ્યો.
શોભે ઘણાં, શોભે ઘણાં,
હાર પે'રીને બેઉ જણ શોભે ઘણાં.

[સંવાદગીત]

# મારો છે મોર

મારો છે મોર, મારો છે મોર,
મોતી ચરંતો મારો છે મોર;
મારી છે ઢેલ, મારી છે ઢેલ,
મોતી ચરંતી મારી છે ઢેલ.
મારો છે મોર, મારો છે મોર,
માળામાં બેસનાર મારો છે મોર;
મારી છે ઢેલ, મારી છે ઢેલ,
ડાળામાં બેસનાર મારી છે ઢેલ.
મારો છે મોર, મારો છે મોર,
રાજાનો માનીતો મારો છે મોર;
મારી છે ઢેલ, મારી છે ઢેલ,
રાણીની માનીતી મારી છે ઢેલ.
બોલે છે મોર, બોલે છે મોર,
સોનાને ટોડલે બોલે છે મોર;
બોલે છે ઢેલ, બોલે છે ઢેલ,
રૂપાને બારણે બોલે છે ઢેલ.

[ગીત]

# હોલો રાણો

મારા માથા પર કોણ ચડ્યું?
—હોલો રાણો.

ઉતર હોલા હું ચડું,
—નહિ ઉતરૂં.

નીરે નવરાવું,
—નહિ ઉતરૂં.

ખીર ખવરાવું,
—નહિ ઉતરૂં.

[રમતગીત]

# કુઉઉઉ

કાળી કોયલ બોલે : કુઉઉઉ.

આંબા કેરી ડાળે : કુઉઉઉ.

સરવરિયાની પાળે : કુઉઉઉ.

હોંશે કાગ હિંચોળે : કુઉઉઉ.

કાળી કોયલ બોલે : કુઉઉઉ.

[ગમ્મતગીત]

# ફુદરડી

ફરો ફરોને છોકરાં ફુદરડી,
જેમ ફરે ઉંદરડા ઉંદરડી;–ફરો૦

ફરે ચાંદો સૂરજ બે ઉંદરડા,
પેલા તારલિયા સૌ ઉંદરડી;–ફરો૦

ફરે દિવસો તે ધોળા ઉંદરડા,
પેલી રાત રૂપાળી ઉંદરડી;–ફરો૦

ફરે મેહુલો મોટો ઉંદરડો,
પેલી વાદળીઓ સૌ ઉંદરડી;–ફરો૦

ફરે ઇશ્વર જો થઇને ઉંદરડો,
તો દુનિયા થઇ જાય ઉંદરડી;–ફરો૦

[નૃત્ય–અભિનય]

—ત્રિભુવન વ્યાસ

# બિલ્લી

બિલ્લી વાઘતણી માશી,
જોઇને ઉંદર જાય નાસી;
ચામડી ઉપર ચટાપટા ને,
પૂંછડી પટપટ થાય;
ખૂણા વચાળે ખોળીખોળીને
ઝડપી ઉંદર ખાય.—બિલ્લી૦

ભૂરે ડોળે ભલું ભાળતી,
જવ અંધારૂં ઘોર;
એક જ ઘરમાં ગોઠે નહિ,
એ આખા ગામે ચોર.—બિલ્લી૦

જીભવતી પાણી એ પીતી,
આંખો મીંચી ખાય;
કુતરૂં એનો કાળ જ માટે,
દેખી નાસી જાય.—બિલ્લી૦

[અભિનયગીત]

# અગડ બમ બમ

અગડ બમ બમ બમ બમ (૨)
નાચે સદાશિવ આદ્યગુરુ
—અગડ બમ૦ (૨)

આક કેરી રોટલી ને
ભાંગ કેરી દાળ (૨)
પારવતીજી પીરસે
તમે જમો ભોળાનાથ
—અગડ બમ૦ (૨)

[શબ્દધ્વનિગીત]

# સાચના સિપાઈ

સાચના સિપાઇ અમે તો સાચના સિપાઈ.
સાચ અમારી તરવારો ને
સાચની બાંધી સવાઇ—અમે૦

જુઓ અમારી ધજા ફરફરે,
સાચની લહેરો વાઇ—અમે૦

સૂણો અમારાં બ્યૂગલ વાગે,
સાચની હાક છવાઇ—અમે૦

સાચ અમારા લડવૈયા ને,
લડશે સાચ લડાઇ—અમે૦

જાગે સાચાનું લશ્કર સઘળે,
આવો તમે ય ભાઇ—અમે૦

[કૂચ-ગીત]

—ન્હાનાલાલ કવિ

# ખીસકોલી

તું અહિંયા રમવા આવ મજાની ખીસકોલી,
તું દોડ તને દઉં દાવ મજાની ખીસકોલી.

તું કેવી હસે ને રમે! મજાની ખીસકોલી,
તારા કૂદકા તો બહુ ગમે મજાની ખીસકોલી.

તું જ્યારે ખીલખીલ ખાય મજાની ખીસકોલી,
તારી પૂંછડી ઊંચી થાય મજાની ખીસકોલી.

તારે અંગે સુંદર પટા મજાની ખીસકોલી,
તારી ખાવાની શી છટા! મજાની ખીસકોલી.

તું ઝાડેઝાડે ચડે મજાની ખીસકોલી,
કહે કેવી મજા ત્યાં પડે? મજાની ખીસકોલી.

બહુ ચંચળ તારી જાત મજાની ખીસકોલી,
તું ઉંદર ભાઈની નાત મજાની ખીસકોલી.

[અભિનયગીત] —ત્રિભુવન વ્યાસ

# છલકાતું આવે બેડલું

છલકાતું આવે બેડલું, મલપતી આવે નાર રે,
મારી સાહેલીનું બેડલું.

મારા ગામના સુતારી રે, વીરા તુજને વીનવું;
મારે માંડવે બાજોઠ લાવ્યે રે, મારી સાહેલીનું બેડલું.

મારા ગામના સોનીડા રે, વીરા તુજને વીનવું;
મારે માંડવે ઝૂમણાં લાવ્યે રે, મારી સાહેલીનું બેડલું.

મારા ગામના દોશીડા રે, વીરા તુજને વીનવું;
મારે માંડવે ચુંદડી લાવ્યે રે, મારી સાહેલીનું બેડલું.

મારા ગામના મણિયારા રે, વીરા તુજને વીનવું;
રૂડો ચુડલો લઇ આવ્યે રે, મારી સાહેલીનું બેડલું.

[નૃત્ય–અભિનય] (લોકગીત)

# વીર ગીત

હિંદ હોય જો પ્યારો,
વીર બાલ સૌ વિચારો;
કંઈ કંઈ કરો સુધારો,
હિંદના યુવાન.

હસતું વદન રાખ,
વાણી શુદ્ધ સત્ય ભાખ,
કરૂ હિતભર્યા વિચારો,
હિંદના યુવાન;
પ્રસંગ કેવો સારો,
હિંદના યુવાન.

[કૂચગીત]

— 'વીર'

# નાની મારી આંખ

નાની મારી આંખ, એ જોતી કાંક કાંક;
એ તે કેવી અજબ જેવી વાત છે!

નાક મારે નાનું, એ સૂંઘે ફૂલ મજાનું;
એ તે કેવી અજબ જેવી વાત છે!

આંગળી મારે લપટી, તેથી વગાડું ચપટી;
એ તે કેવી અજબ જેવી વાત છે!

નાના મારા હાથ, એ તાળી પાડે સાથ;
એ તે કેવી અજબ જેવી વાત છે!

પગ મારા નાના, એ તો ચાલે છાનાંમાનાં;
એ તે કેવી અજબ જેવી વાત છે!

નાના મારા કાન, એ સાંભળે દઈ ધ્યાન;
એ તે કેવી અજબ જેવી વાત છે!

નાનું મારૂં ગળું, એ ખાય ગળ્યું ગળ્યું;
એ તે કેવી અજબ જેવી વાત છે!

નાનું મોઢું મારૂં, એ બોલે સારૂં સારૂં;
એ તે કેવી અજબ જેવી વાત છે!

[અભિનયગીત]

## બંગલા

અડવડ દડવડ નગારાં વાગે,
હરહર ગોમતી ગાજે રે;
બંગલા ફક્કડ બનાયા.

ગાડે ગાડે તે વીરે ઈંટો મંગાવી;
ઈંટોના ઓરડા ચણાવો રે.—બંગલા૦

ગાડે ગાડે તે વીરે સોપારી મંગાવ્યાં;
સોપારીની પૂરણી પુરાવો રે.—બંગલા૦

ગાડે ગાડે તે વીરે લવીંગ મંગાવ્યાં;
લવીંગની બારીઓ મેલાવો રે.—બંગલા૦

ગાડે ગાડે તે વીરે એલચી મંગાવી;
એલચીનાં જાળિયાં મેલાવો રે.—બંગલા૦

ગાડે ગાડે તે વીરે કંકુ મંગાવ્યાં;
કંકુના ગારીઆં કરાવો રે.—બંગલા૦

ગીત૧

# છેટા છેટા રે

છેટા છેટા રે નંદના છોકરા રે:
મારાં રાંધણિયાં અભડાય રે—છેટા રે૦

વાલા ઉતારા દેશું ઓરડા રે;
દેશું દેશું મેડીના મોલ રે—છેટા રે૦

વાલા દાતણ દેશું દાડમી રે;
દેશું દેશું કણેરી કામ રે—છેટા રે૦

વાલા નાવણ દેશું કુંડિયું રે;
દેશું દેશું નદીનાં નીર રે—છેટા રે૦

વાલા ભોજન દેશું લાપસી રે;
દેશું દેશું કઢેલાં દૂધ રે—છેટા રે૦

વાલા મુખવાસ દેશું એલચી રે;
દેશું દેશું પાન પચાસ રે—છેટા રે૦

વાલા પોઢણ દેશું ઢોલિયા રે;
દેશું દેશું હીંડોળા ખાટ રે—છેટા રે૦

[રાસ : અભિનય]

# હાં ભાઈ હાં

વાહ વાહ હોકો કેવો
મીઠો મીઠો આવે;
મન ભાવે
મસ્ત બનાવે;

ગુડ ગુડ ગુડ બોલે,
ડગ મગ દિલ ડોલે;

હાં રે હોકો ઢરડો,
ભાઇ! જુવાન થઇ જાય ઘરડો,
રે હાં ભાઇ હાં
—હાં હાં હોકો૦

[તાલ : અભિનયગીત]

# વસંત લ્યો!

રાજ! કોઇ વસંત લ્યો, વસંત લ્યો;
હાં રે મારી ક્યારીમાં મ્હેક મ્હેક મ્હેકી:
હો રાજ! કોઈ વસંત લ્યો, વસંત લ્યો.

રાજ! વીણી કળીઓ મેં નેત્રમાં ઉઘાડી;
હાં રે મારે હઇડે–લલાટે વધાવી:
હો રાજ! કોઇ વસંત લ્યો, વસંત લ્યો.

રાજ! દેવ-દેવી સોહાગ લેવા આવે;
હાં રે મીઠી સ્નેહની બંસરી બજાવે:
હો રાજ! કોઇ વસંત લ્યો વસંત લ્યો.

[નૃત્ય–અભિનય]

—ન્હાના[illegible] કવિ

## —ચુંદડી

ચુંદડી ચૌદ લોકમાં ગોતું.
આભમાં ગોતું,
ગેબમાં ગોતું,
સાત પાતાળે ઘૂમતી ગોતું;—ચુંદડી૦

ચુંદડી ચાર રંગમાં બોળી!
લાલ પીળા પરભાતમાં બોળી,
ચાંદલી પુનમ રાતમાં બોળી,
વિજળી કેરા હોજમાં બોળી,
મેઘ-ધનુના ધોધમાં બોળી;—ચુંદડી૦

ચુંદડી ચાર ચોકમાં ઓઢું.
માનસરોવર ઝીલતી ઓઢું,
આભની વેલ્યે વીણુતી ઓઢું,

ડુંગરે ડુંગર દોડતી ઓઢું,
વાયરા ઉપર પોઢતી ઓઢું;—ચુંદડી૦

ચુંદડી ચાર છેડલે ફાટી
રાસડા લેતાં.
તાળિયો દેતાં,
સાગરે ના'તાં નીરમાં ફાટી:—ચુંદડી૦

[અભિનયગીત] —મેઘાણી

# છેલણુ બીબીયાં

તમે કાંતો રે મેરી છેલણુ બીબીયાં.
કૈસે કાંતું મીયાં રેંટિયા મિલે ના;
કમાડ ભંગાઉં તેરા રેંટિયા બનાઉં:
તમે કાંતો રે મેરી છેલણુ બીબીયાં.

કૈસે કાંતું મીયાં ત્રાક મિલે ના;
કટાર ભંગાઉં તેરી ત્રાકડી બનાઉં:
તમે કાંતો રે મેરી છેલણુ બીબીયાં.

કૈસે કાંતું મીયાં પૂણિયાં મિલે ના;
દાઢી બોડાઉં તેરી પૂણિયાં બનાઉં:
તમે કાંતો રે મેરી છેલણુ બીબીયાં.

કૈસે કાંતું મીયાં લડકા રીઝે ના;
ઢોલક બજાઉં તેરા લડકા રીઝાઉં:
તમે કાંતો રે મેરી છેલણુ બીબીયાં.

[સંવાદગીત]

# —મહિડાં—

હલકે હાથે તે નાથ! મહિડાં વલોવજો,
મહિડાંની રીત ન્હોય આવી રે લોલ.

ગોળી નંદાશે, નાથ! ચોળી છંટાશે, નાથ!
મોતીડાંની માળા તૂટશે રે લોલ;
ગોળી નંદાશે ને ગોરસ વહી જશે,
ગોરીનાં ચીર પણ ભીંજાશે રે લોલ.
હલકે હાથે તે નાથ!

નાની શી ગોરસીમાં જમનાજી ઉછળે,
એવી ન નાથ! દોરી રાખો રે લોલ;
નાની શી ગોરસીમાં અમૃત ઠારિયાં,
હળવે ઉઘાડી નાથ! ચાખો રે લોલ;
હલકે હાથે તે નાથ!

[નૃત્ય–અભિનય] —ન્હાનાલાલ કવિ

# વાજાં

વાગે વરઘોડાનાં વાજાં
ચાલો જોવાને જઇએ !

સૂરીલી શરણાઇ બોલે
જાણે કોયલ કૂકે,
ઢબક ધીબાંગ ઢબક ધીબાંગ
ઢોલ જુઓ ઢબુકે;
વાજાં ચાલો જોવાને જઇએ !

પડઘમ ને રમઢોલ સાથે
કડકડ કડકડ ધોમ,
મીઠા મીઠા પાવા એના
પી પી પી પી પોમ;
વાજાં ચાલો જોવાને જઇએ !

નગારચીની નોબત ગગડે
કડાંગ ધીનકટ ધા
સૂર ઉંચા સંભળાય એની
પપુડીના તીખા
વાજાં ચાલો જોવાને જઇએ!

[અભિનયગીત] —ત્રિભુવન વ્યાસ

# દમડી પાછી દે

દમડી લઇને હું તો સુતારવાડે ગઇ'તી;
મીયાંકો માફા બીબીકું વેલ,
છોકરેકું ગાડી દે,
નહિ તો મારી દમડી પાછી દે.

દમડી લઇને હું તો લુહારવાડે ગઇ'તી;
મીયાંકો તલવાર બીબીકું છરી,
છોકરેકું કાતર દે,
નહિ તો મારી દમડી પાછી દે.

દમડી લઇને હું તો દરજીવાડે ગઇ'તી;
મીયાંકો ડગલા બીબીકો ચોરણા,
છોકરેકું ઝબલા દે,
નહિ તો મારી દમડી પાછી દે.

[સંવાદગીત]

# ચાલો સૌએ

ચાલો સૌએ રણમયદાન,
ભારતનાં સંતાન;
શૂરા સાથી,
જુસ્સાથી,
છોડાવો હિંદુસ્તાન!

કૂચ કરો બહાદુર બિરાદર,
મુક્તિ રણસંગ્રામ;
વાધો વીરા ગર્જન કરી,
સૌ આર્ય ને ઇસ્લામ.

[કૂચગીત]

# મેહુલો ગાજે

મેહુલો ગાજે ને માધવ નાચે,
 રૂમઝુમ વાગે પાય ઘુઘરડી રે;
તાલ પખાજ વગાડે રે ગોપી,
 કૃષ્ણ બજાવે વેણુ વાંસલડી.—મેહુલો૦

પહેરણ ચરણાં ને ચીર ચુંદડલી,
 ઓઢણ આછી લોમલડી રે;
દાદુર મોર બપૈયા રે બોલે,
 મધુરી શી બોલે કોયલડી રે.—મેહુલો૦

ધન બંસીધર ધન જમુના તટ,
 ધન વૃંદાવન અવતાર રે;
ધન નરસૈંયાની જીભલડી રે,
 જેણે ગાયો રાગ મલ્હાર રે.—મેહુલો૦

[નૃત્ય-અભિનય]

## હર દમ દમ દમ

હર નામ જપું, હર દમ દમ દમ;
દુનિયા મેં નહિ
દુનિયા મેં નહિ
દુનિયા મેં નહિ
કછુ દમ દમ દમ—હર નામ૦

ધ્યાન ધરૂં અબ
ધ્યાન ધરૂં અબ
ધ્યાન ધરૂં અબ
ધ્યાન—

માયા . . . . . . મોહનિયાં
હૈ જુઠી . . . એ દુનિયા
દો દિનકી . . . . રજનિયાં
જગ મેં સારી રે—
હર નામ જપું, હર દમ દમ દમ.

[તાલનૃત્ય]

# હુંબો હુંબો વીંછીડો

અરરર માડી રે,
છાણાં વીણવા ગઇ'તી મા વીંછીડો;
હુંબો હુંબો વીંછીડો.

અરરર માડી રે,
સોબત સૈયર થઇ'તી મા વીંછીડો;
હુંબો હુંબો વીંછીડો.

અરરર માડી રે,
કાળો ને કાદવિયો મા વીંછીડો;
હુંબો હુંબો વીંછીડો.

અરરર માડી રે,
વાંકા વળીને ડંખ માર્યો મા વીંછીડો;
હુંબો હુંબો વીંછીડો.

અરરર માડી રે,
ટચલીએ ટચકાવ્યો મા વીંછીડો;
હુંબો હુંબો વીંછીડો.

અરરરર માડી રે,
વીંછીની વેદના ભારે મા વીંછીડો;
હુંબો હુંબો વીંછીડો.

અરરરર માડી રે,
ખૂણે તે ખાટ ઢળાવો મા વીંછીડો;
હુંબો હુંબો વીંછીડો.

અરરરર માડી રે,
જોષીડા તેડાવો મા વીંછીડો;
હુંબો હુંબો વીંછીડો.

અરરરર માડી રે,
માતાને તેડાવો મા વીંછીડો;
હુંબો હુંબો વીંછીડો.

અરરરર માડી રે,
વીંછીડા ઉતરાવો મા વીંછીડો;
હુંબો હુંબો વીંછીડો.

[અભિનયગીત]

## —નથ ઘડી દે—

નથ ઘડી દે સોનારા રે,
મારી નથ ઘડી દે સોનારા.

એ રે નથમાં શું શું જોશે?
માણેક મોતી ને પરવાળાં રે,
મારી નથ ઘડી દે સોનારા.

પગ પરમાણે કડલાં રે ઘડજે,
કાંબિયુંના હલકારા રે;
મારી નથ ઘડી દે સોનારા.

ડોક પરમાણે ડોકિયું રે ઘડજે,
ચોરશીના હલકારા રે;
મારી નથ ઘડી દે સોનારા.

હાથ પરમાણે ચુડલો રે ઘડજે,
ગુજરીના હલકારા રે;
મારી નથ ઘડી દે સોનારા.

[રાસ : ગીત]

# પુરનો મોરલો

પુરનો મોરલો, હો રાજ!
પુરમાં થનગન થનગન નાચે:
પુરનો મોરલો, હો રાજ!
પુરનો મોરલો, હો રાજ!

સુખની શેરીઓ, હો રાજ!
આંગણુ થનગન થનગન નાચે:
સુખનો મોરલો, હો રાજ!—પુરનો૦

ફુલની વાડીઓ, હો રાજ!
ફુલડે થનગન થનગન નાચે:
ફુલનો મોરલો, હો રાજ!—પુરનો૦

રસનાં સરોવરો, હો રાજ!
રસભર થનગન થનગન નાચે:
રસનો મોરલો, હો રાજ!—પુરનો૦

[નૃત્યગીત] —ન્હાનાલાલ કવિ

# કાન તારે તળાવ

કાન તારે તળાવ,
　　　　ઝૂમઝુમતી રમવા નીસરી.
રમવા નીસરી, ટીલડી વીસરી રે—કાન૦
રમવા નીસરી, નથડી વીસરી રે—કાન૦
રમવા નીસરી, ઝરમર વીસરી રે—કાન૦
રમવા નીસરી, ગુજરી વીસરી રે—કાન૦
રમવા નીસરી, ચુંદડી વીસરી રે—કાન૦
રમવા નીસરી, માળા વીસરી રે—કાન૦

[અભિનયગીત]

# ચલ ગાગર!

ચલ ગાગર ચલ ગાગર પનઘટ પર જઇએ;
નાવડીનાં બહોળાં નીર રે ગાગર ઘૂમે છે.

પાણીડાંની હેલ્ય મારી ડોલંતી આવે,
ડોલે જેવી હંસલાની ડોક રે ગાગર ઘૂમે છે.

બેડલે ચડીને એક પોપટજી બેસે,
નિત નિત બોળે એની ચાંચ રે ગાગર ઘૂમે છે.

પાણીડાં પીવે ને વળી પીંછડાં પલાળે,
ચીર મારાં મોતીડે ટંકાય રે ગાગર ઘૂમે છે.

પાણીભીની પાંખ એની ફરફરતી આવે,
જાણે મુને વીંઝણલા વાય રે ગાગર ઘૂમે છે.

વીંઝણા કરે ને વળી ગીતડાં સુણાવે,
શીળી એની છાંયડી છવાય રે ગાગર ઘૂમે છે.

[નૃત્ય-અભિનય] —મેઘાણી

# મસ્તી

સિય—સ્વામિન કી જય,
પ્યારે રાધા કી જય,
બોલો હનુમાન કૃપાળુ કી
જય જય જય.

卐 卐

રઘુપતિ રાઘવ રાજા રામ
પતિત પાવન સીતારામ

卐 卐

સીતા રામ રામ રામ
રાજા રામ રામ રામ

[તાલ : ધૂન]